સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

નવેમ્બર - ૨૦૧૪

બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની ૩૨૫મી 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' પ્રસંગે ભંડેરી ઈમ્પેક્ષ - સુરતના યજમાનપદે

## હર-હરિની તીર્થભૂમિમાં ભાગીરથીને કિનારે ઉજવાયો હરિદ્વાર મહોત્સવ






દેવભૂમિ હરિદ્વારને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની ૩૨૫મી 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' પ્રસંગે ભંડેરી ઈમ્પેક્ષ - સુરતના યજમાનપદે 'હરિદ્વાર મહોત્સવ' (તા. ૨૯ થી ૬-૧૧-૧૪)

**૧. ઠાકોરજી, પોથીજીની આરતી ઉતારતા પૂ. સ્વામી તથા યજમાન પરિવાર. ૨-૩. હરિદ્વારના માર્ગ ઉપરથી પસાર થતી ૧૦૮ પોથીજી સહિત દિવ્ય પોથીયાત્રા. ૪. મહોત્સવનું દિપ પ્રાગટ્ય કરી ઉદ્‌ઘાટન કરતા પૂ. સ્વામી તથા યજમાન પરિવાર. ૫-૬. નૃત્ય દ્વારા મહોત્સવ તથા શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથનું સ્વાગત કરતા સરધાર મંદિર વિદ્યાર્થી મંડળ. ૭-૮. કથા અંતર્ગત ઉજવાયેલ બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના પ્રાગટ્યોત્સવને વધાવતા પૂ. સંતો તથા યજમાન પરિવાર. ૧૦-૧૧-૧૨. શ્રી ઘનશ્યામ જન્મોત્સવનો રાસોત્સવ દ્વારા આનંદ માણતા સંતો-હરિભક્તો.**




દેવભૂમિ હરિદ્વારને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની ૩૨૫મી 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' પ્રસંગે ભંડેરી ઈમ્પેક્ષ - સુરતના યજમાનપદે 'હરિદ્વાર મહોત્સવ' (તા. ૨૯ થી ૬-૧૧-૧૪)

૧. કથા અંતર્ગત ઉજવાયેલ ભગવાન શ્રીહરિના જેતપુર ગાદિ-પટ્ટાભિષેક મહોત્સવને વધાવતા પૂ. સંતો. ૨. ઠાકોરજીનો કેસરાદિક પંચામૃતથી અભિષેક કરતા ભંડેરી પરિવાર - વેળાવદર. ૩. કોઠીયા પરિવાર - બગોયા. ૪. મોરડીયા પરિવાર - બુધેલ. ૫. લખાણી પરિવાર - શીયાનગર. ૬. શ્રી રાધારમણ દેવ ટ્રસ્ટી મંડળ - જૂનાગઢ. ૭-૧૧. પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સમૂહ મહાપૂજા.




























દેવભૂમિ હરિદ્વારને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની ૩૨૫મી 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' પ્રસંગે ભંડેરી ઈમ્પેક્ષ - સુરતના યજમાનપદે 'હરિદ્વાર મહોત્સવ' (તા. ૨૯ થી ૬-૧૧-૧૪)

મહોત્સવ અંતર્ગત યોજાયેલ રાત્રિ કાર્યક્રમ ૧. સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરતા સરધાર મંદિર વિદ્યાર્થી મંડળ. ૨. ભજનરસમાં ગરકાવ કરતા લોકગાયક શ્રી કીર્તિદાન ગઢવી. ૩. લોકસાહિત્ય અને હાસ્યમાં ગરકાવ કરતા શ્રી માયાભાઈ આહિર.૪. સંતોની બપોરની કથામાં પૂ. સંતોને હાસ્યરસમાં તરબોળ કરતા શ્રી માયાભાઈ આહિર. ૫. પોતાના કોકીલકંઠે ભજનોમાં મસ્ત ઓસમાણ મીર તથા લોકસાહિત્યકાર હરદેવ આહિર. ૬. નિત્ય રાત્રિ કાર્યક્રમોમાં ઉપસ્થિત પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી, પૂ. સ્વામી વગેરે સંતો-પાર્ષદો તથા હરિભક્તો. ૭. પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી. ૮. પૂ. સ્વામી યોગેશ્વરદાસજી. ૯. કીર્તન સંધ્યામાં ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં તલ્લીન થઈ જેવા તેવા કીર્તનોનું રસપાન કરાવતા ઝીટીવી સારેગમપ લીટ્લ ચેમ્પ શોના રનર અપ બાળકલાકાર શ્રી અનમોલ ખત્રી. ૧૦. અનમોલ ખત્રીને આશીર્વાદ પાઠવતા પૂ. સ્વામી. ૧૧. મહોત્સવમાં ઉપસ્થિત હજારો ભક્તોને આશીર્વાદ પાઠવતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી. ૧૨. મહોત્સવ પૂર્ણાહૂતિ બાદ ગંગાજીમાં ઠાકોરજીનો અભિષેક કરતા તથા સમૂહ સ્નાનમાં પૂ. સ્વામી સાથે સંતો-હરિભક્તો.



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

# સ્વામિનારાયણ ચિંતન


**વર્ષ : ૨, અંક : ૧૦, તા. ૨૦-૧૧-૧૪**

પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

**પ્રકાશક/માલિક/તંત્રી :-** સાધુ પતિતપાવનદાસજી
**સંપાદક :-** સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)



**લેખક :- સાધુ અમૃતસ્વરૂપદાસ**
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી


## હર-હરિની તીર્થભૂમિમાં ભાગીરથીને કિનારે ઉજવાયો





**લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર :-**

**ચિંતન કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર,
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**www.sardhardham.com, www.svg.org**
**Email :** srdharmandir@gmail.com

**લવાજમ દર :-** બે વર્ષ : રૂા. ૧૬૦/- , પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-, પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-
પરદેશમાં લવાજમ : **$ 200 U.S.A. £ 125 U.K.**



हमारा लक्ष्य विश्व का कल्याण हो...
Online : www.lakshyatv.com

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
**દિવ્યઅમૃતવાણી**
સમય : દરરોજ

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ **કથા પારાયણ**
સમય : દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે
**સત્સંગ કથામૃત**
સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦



# હર-હરિની તીર્થભૂમિમાં ભાગીરથીને

માનવ સ્વભાવ ધરથી જ મળતાવડો છે. એને એકલું રહેવું ઓછું ફાવે. હા, અમુક મહાપુરુષો એમાં અપવાદરૂપ જરૂર છે. પરંતુ એવા મણિધરોના કંઈ રાફડા નથી ફાટ્યા. એવા શૂરા તો કોઈક જ હોય છે, જેને જગત સાથે કંઈ નિષ્બત ન હોય. બાકી તો માનવના બાળાસાદમાં જ એ વાતનું એલાન હોય છે કે, મને એકલા નહિ ફાવે. અને પરમાત્મા એને સારી એવી વ્યવસ્થા પણ કરી આપે છે - માતાની મમતા અને પિતાનો પ્યાર દઈને...!!!

માનવબાળ થોડો મોટો થાય એટલે એના પરિવારની હુંફ પણ એને ઓછી લાગવા માંડે છે. માયલો વણચિંતવી ઠંડીથી ઠુઠવાવા લાગે છે અને નાની-નાની પગલીઓ ઘરનો ઉંમરો ઓળંગી શેરીમાં નીકળી પડે છે - મિત્રોની ખોજમાં. ગોઠીયાઓની સાથે એ રમે, જમે, નાચે-કુદે, હસે અને રીસાય પણ ખરો !! પરંતુ એમાં નિર્દોષતા જ નિતરતી હોય છે. કીટ્ટા-બુચ્ચાની બાળ ચેષ્ટાઓ વધતી ઉંમરની સાથે ક્યારે હાર-જીતમાં અને પછી વૈરમાં પલટાઈ જાય એની એને ખબર જ નથી રહેતી. નાનપણનું કુમળું માનસ મોટું થતાં સુધીમાં કેટલાય પૂર્વગ્રહોથી ખરડાઈ જાય છે, પરિણામે એ બધાથી અલગ થઈ જાય છે. એને કોઈની ક્રિયાઓ નથી ગમતી, કોઈની વાણી નથી ગમતી, કોઈનો સ્વભાવ નથી ગમતો.

યુવાન થતાં સુધીમાં માતા-પિતા જૂનવાણી લાગવા માંડે છે. મિત્રો સ્વાર્થી લાગવા માંડે છે. વડીલો રૂઢીચુસ્ત લાગવા માંડે છે. સમય જતાં પત્ની અને પુત્રો પણ એને અળખામણા લાગવા માંડે છે. એક તરફ વધતી મોંઘવારી, મહા મહેનતે મળતી રોજગારી અને નોકરીધંધાનું ટેન્શન, તો બીજી બાજુ પારિવારીક ક્લેશો, મિત્રોનો ધુતકારો, જીવનની નિષ્ફળતા પર હસતા લોકોના મે'ણા, નાનપણમાં જોયેલા કેટલાય સપનાઓના ચુરેચૂરા, મકાનના હપ્તા, ગાડીના હપ્તા, સાળા-સાળીઓના લગ્નમાં વટ પાડવા થનગનતી પત્ની માટે હજારો રૂપિયાનું પાણી, બાળકોની ફીઝ, કુટુંબનો વ્યવહાર, સસરાપક્ષનો વ્યવહાર ચારેબાજુથી બીચારા એકલા-અટુલા માણસનું જ ધોવાણ...!!

માનવ ફરીવખત બાળક બનવા ઈચ્છે છે, ફરીવખત માતાની ખોવાયેલી મમતા અને પિતાનો પ્યાર ઈચ્છે છે. એ ઈચ્છે છે કે, હાલમાં વ્યસન અને ફેશનમાં ડૂબેલા પોતાના ગોઠીયાઓ ફરી બાળક બની જાય અને હું પણ તેની સાથે બાળક બનીને ફરીવખત પહેલા વરસાદથી શેરીમાં ભરાયેલા પાણીના ખાબોચીયામાં દુનિયાદારીને



# કિનારે ઉજવાયો હરિદ્વાર મહોત્સવ

ભૂલીને છબછબીયા કરું...!!

દરેક વ્યક્તિ એવું વિચારે છે કે, આ જગતમાં હું જેને મારા કહી શકું એવું કોઈ મને મળી જાય ! પણ અફસોસ, જીવન પુરું થઈ જાય તેમ છતાં જેની સાથે જીવનપર્યંત મીઠાશથી રહી શકાય એવા વ્યક્તિત્વ ભાગ્યે જ કોઈકને સાંપડતા હોય છે. હા, માણસ જીવનસંગીની મેળવવા માટે લગ્ન જરૂર કરે છે પણ થોડા જ સમયમાં તે તેના આંતરિક જીવનથી કોશો દૂર થઈ ગઈ હોય છે. પછી આશા હોય છે પોતાની સંતતિથી કે મને સમજી શકશે. પરંતુ દુઃખની વાત એ છે કે એ પણ મોટા થઈને 'Sorry !' કહીને પોતાના રસ્તે જતા રહે છે. પણ આ તો ફરીને એકલોને એકલો જ રહી જાય છે. આંખોમાં ભરેલા કેટલાય શમણાઓ, અશ્રુબિંદુઓની સાથે ધોવાઈને ગાલ પરથી પસાર થઈને હોઠ સુધી પહોંચે ત્યાં ખારા ઝેર જેવા થઈ જાય છે. અને માનવ ઓશીયાળો થઈ જાય છે..!! પછી એ જીવન જીવે છે માત્ર વિતાવવા માટે. એના જીવનનો કોઈ આનંદ નથી હોતો. કારણ કે, માનવ સ્વભાવ જ મળતાવડો છે તો !!

તમારા મનમાં પ્રશ્ન ઊઠતો હશે કે, આવડી મોટી-મોટી ફિલસૂફીની વાતોને હરિદ્વાર મહોત્સવ સાથે શું લેવાદેવા...? અરે ! લેવાદેવા છે જ તો ! થોડીવાર પેટીપેક પડેલા મગજનો થોડો ઉપયોગ કરીને વિચારો, આપણે કંઈ ગોપાળાનંદ સ્વામી જેવા મોટા સમર્થ નથી જ થઈ ગયા કે કોઈ સત્પુરુષના વચનમાં ધક્કા વગર ભગવાનમાં તૈલધારાવત્ વૃત્તિ રાખી શકીએ ! આપણે તો ભગવા ભજવા હોય ને તો ચારેબાજુથી સત્સંગનો ભીડો જોઈએ. ત્યારે માંડ કથાના સમય પૂરતી ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રહે. અને એમાં પણ જો વચ્ચે કોઈનો મીસકોલ આવી ગયો તો, કથામાંથી સીધા પહોંચી જઈએ દુકાન કે ઓફિસના થડે. અને કાં તો બીબી-બચ્ચાંની માયાજાળમાં કે જેનાથી આપણે ગળોગળ આવી ગયા હોઈએ...!!! ફરી પાછું ટેન્શન, અશાંતિ, એકલાપણું, લાચારી વગેરે....!!!

આ બધાથી ઉગરવાનો કોઈ આરો પરમાત્માએ બનાવ્યો છે કે નહિ ? આવો પ્રશ્ન ઉઠવો દરેક ત્રસ્ત માણસ માટે સહજ છે. પણ ચિંતા નહિ, સર્વાંતર્યામી ભગવાન શ્રી સ્વામિનારાયણના જાણતા હતા કે, શુદ્ધ સત્ત્વગુણ વિના ભગવાનનું અખંડ ભજન શક્ય જ નથી અને એકલતાના અંધકારમાં ખોવાઈ ગયેલા માણસને અને સત્ત્વગુણને જોજનોનું અંતર પડી ગયું હોય છે. માટે એને જો ભગવાનના પંથે લઈ જવો હોય તો એક જ ઉપાય છે કે



કોઈપણ ભોગે એના અંતઃકરણમાં શુદ્ધ સત્ત્વગુણનું પ્રાગટ્ય કરાવવું. અને જો એના અંતઃકરણમાં શુદ્ધ સત્ત્વગુણનું પ્રાગટ્ય કરાવવું હોય તો એક જ ઉપાય છે કે, માણસને એવો અહેસાસ થવો જોઈએ કે આ દુનિયામાં જેને હું જીવનપર્યંત મારા કહી શકું એવો કોઈક સમાજ છે. મારી હૃદયવિણાના તારને ઝંકૃત કરીને તેને આહ્લાદિત કરી દે એવા કેટલાક માનવો છે. મારા દુઃખને સમજી શકે એવા પણ કોઈ વ્યક્તિઓ છે. બસ, આ જ કારણથી ભગવાન શ્રીહરિએ ઉત્સવ-સમૈયાઓ પ્રવર્તાવ્યા. જેમના માધ્યમથી લાખો જીવાત્માઓના કલ્યાણ થયા છે. લાખોને જીવનના ઉજાગરનો રાહ દેખાડ્યો છે..!!

બસ, આ જ ઊજળી પરંપરા ઉત્તરોતર ચાલતી રહી અને અનેકાનેક જીવાત્માઓને પાવન કરતી રહી છે. ભગવાન શ્રીહરિએ કાઠીયાવાડના નાનકડા ગામડાઓથી માંડીને અમદાવાદ જેવા મોટા શહેરો સુધી અનેક ઉત્સવો કરી-કરાવીને અનંત જીવાત્માઓને અક્ષરધામના અધિકારી બનાવ્યા છે.

આજે પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની આ દિવ્ય પરંપરામાં એમની જ ધર્મધુરાના વિદ્યમાન પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના પાવનકારી મહામંત્રને દિગંતમાં ગૂંજતું કરે એવા કેટલા મહોત્સવો ઉજવાતા રહે છે.

**પરંતુ.... હરિદ્વાર મહોત્સવની વાત તો બધા જ મહોત્સવો કરતા ન્યારી છે...!!**

ભારતવર્ષની પ્રાણદાત્રી પતિતપાવની ગંગા હિમાલયમાંથી નીકળીને દેવભૂમિ હરિદ્વારનું હાર્દ 'હર કી પૈડી' સુધી પહોંચે ત્યાં સુધી સતત દોડ્યે જ જાય છે. પણ, હર કી પૈડીમાં અને શ્રદ્ધાળુઓની શ્રદ્ધાને વશ થઈને થોડી ધીમી પડી જાય છે. એમાંય આ વર્ષના કારતક માસથી તો જાણે હર કી પૈડીમાં ગંગા સ્થિર થઈ ગઈ...!!

કારણ એ હતું કે, સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મૂર્ધન્ય વક્તા સર્વસાધુગુણસંપન્ન સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ની **૩૨૫મી** સંપ્રદાયના સૈદ્ધાંતિક મહાન ગ્રંથરાજ **'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ'**ની વિશાળ જ્ઞાનયાત્રાને કેન્દ્રસ્થાને રાખીને વિશ્વભરના હિન્દુઓ જેના માટે ગર્વ લઈ શકે એવો **'શ્રી હરિદ્વાર મહોત્સવ'** ભવ્યાતિભવ્ય અહીં ઉજવાતો હતો. અને પંથદ્વીપ મેદાનમાં એનો વિજયધ્વજ આરોહિત થઈ ગયો હતો.

સૌપ્રથમ તો પંથદ્વીપ જેવા વિશાળ મેદાન પર મહોત્સવની પરવાનગી લેવા માટે સંતો જ્યારે ત્યાંના અધિકારીઓને મળ્યા ત્યારે અધિકારીશ્રીઓએ સંતોને સમજાવ્યું કે, ''મહોત્સવ માટે તમને આ મેદાન બહું મોટું પડશે. આ મેદાનમાં તો કુંભના મેળા માટે છે. કુંભ જેવા વિશાળ મહોત્સવ કરવો હોય તો જ આ મેદાન તમારા માટે યોગ્ય ગણાય. નહિતર અહીંના કોઈ આશ્રમમાં હોલ ભાડે લઈ લો. જેથી કરીને તમારે મંડપ વગેરેની ઝંઝટ જ ન રહે.'' પરંતુ એ બાપલાઓને ક્યાં ખબર હતી કે, હરિદ્વારમાં ભલે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતો વધુ ન હોય પણ ગુજરાતથી જ્યારે હરિભક્તો હરિદ્વારમાં ઉતરશે ત્યારે એમની સંખ્યા એટલી બધી વિશાળ હશે કે આખા મહોત્સવના નવ દિવસ દરમ્યાન એમને એમ લાગશે કે હરિદ્વાર ગુજરાતમાં જતું રહ્યું કે શું...???

ઘણા બધા શુભ સંકલ્પોથી આરંભેલા આ મહા મહોત્સવના વિશાળ પટાંગણમાં દશ હજારથી વધુ ભાવિક ભક્તો પોતાના ઘરની જેમ રહી શકે એવી સુવિધા ધરાવતા તંબુઓ બનાવ્યા. ૧૮ થી ૨૦ હજાર શ્રોતાઓ સાનુકુળતાથી કથાનું શ્રવણ કરી શકે એવો વિશાળ સભામંડપનો ડોમ નાખવામાં આવ્યો. અરે ! સંતો અને સ્વયં વક્તાશ્રી પણ અહીં તંબુમાં જ રહેવાના હતા માટે એમના માટે પણ ડોમ નાખીને ભવ્ય ધર્મશાળા બનાવવામાં આવી. અને હા, રોજ નવી-નવી વાનગીઓ જેમાં બનીને ભક્તોના ભાણામાં પીરસાવાની હતી એવું વિશાળ પાકશાળા-ભોજનાલય તો ખરું જ. સુશોભિત



મંચથી ઓપતા સભામંડપને રાહ હતી મહોત્સવના આરંભની ઘડીની.

## ➠ મહોત્સવના હેતુઓ :

મહોત્સવની ઉજવણી પાછળનો મુખ્ય હેતુ હજારો જીવાત્માઓના આત્યંતિક કલ્યાણનો તો હતો જ, પણ સાથે-સાથે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન સંતવર્ય સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ મુમુક્ષુઓ માટે આપેલા પાથેય અને સમાજ માટે આપેલા સુખી જીવન જીવવાના દિવ્ય ઉપાય જેમાં છે એવા મહાન ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવનના માધ્યમથી સામાન્ય જનસમાજ ગાંધી અને સરદારના સપનાનું ભારત કેવી રીતે નિર્માણ કરી શકે એ વિષયના મુદ્દાઓ આમજીવન સુધી પહોંચાડવા, ગૌહત્યા પ્રતિબંધ માટે વિશ્વભરના હિન્દુઓને જાગૃત કરવા, સ્ત્રીભૃણ હત્યા બંધ કરવી અને હજારો સદીઓથી હિન્દુઓની શ્રદ્ધાનું કેન્દ્ર રહી છે એવી પરમ પવિત્ર ભાગીરથી ગંગામાં ફેંકાતા અનિચ્છનીય કચરાને કાઢીને ગંગા સફાઈ કરવી. અને મુખ્ય હેતુ તો એ છે કે તમામ સત્સંગીઓને પરસ્પર એક પરિવારની જેમ આત્મીયતા બંધાય. એવી આત્મીયતા કે જેમાં કોઈ સ્વાર્થની ગંધ ન હોય, કોઈ સ્વભાવનો ટકરાવ ન હોય, કોઈ મનના કુમેળ ન હોય. જેમાં માત્ર પરસ્પર હૃદયના સુમેળ જ હોય. જેથી હિમાલયમાંથી નીકળતા અનેક નાના-મોટા ઝરણાં પોતાને ઉપસવાની કુનીતિને ભૂલીને એકમેક થઈને સાથે વહેવા માંડે છે તો અનેક પાપીઓના પાને નાશ કરી શકે એવી સામર્થ્યવાન ગંગા બની જાય છે. એમ ખરા હૃદયથી એકમેક થયેલો આ વિશાળ સત્સંગ પરિવાર ભારતના ઉત્થાન માટે એક વિશાળ શક્તિ સાબિત થાય. અને વિશ્વભરમાં શાંતિનું સામ્રાજ્ય સ્થાપિત કરી શકે.

'सर्वे सुखिनः सन्तु सर्वे सन्तु निरायमः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखभाग् भवेत् ।।'

## ➠ મહોત્સવની ભવ્યતા :

કારતક સુદ ૬, ૨૯મી ઓક્ટોમ્બર. બપોરે ૩.૩૦ કલાકે પોથીયાત્રા હરિદ્વારની શેરીઓમાંથી પસાર થઈ. હજારો હરિભક્તો આ શોભાયાત્રામાં જોડાયા. શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂનથી વાયુમંડળને ગૂંજાવતી આ પોથીયાત્રા જોઈને સ્થાનિક રહેવાસીઓ દંગ રહી ગયા..! ૭૦થી વધુ વસ્તીવાળા હરિદ્વાર શહેરમાં અડધો-અડધ એટલે કે ૩૫ હજાર જેટલા તો સાધુ-સંતો અને સંન્યાસીઓ છે. એટલે અહીં અવિરત કથાપારાયણો-પોથીયાત્રાઓ આ બધુ ચાલુ જ હોય એટલે ત્યાંના લોકો માટે પોથીયાત્રા કંઈ નવીન નહોતી. તેમ છતાં આપણી પોથીયાત્રાથી એમને આશ્ચર્ય એટલા માટે થયું કે, અત્યાર સુધીમાં હરિદ્વારમાં મોટા-મોટા વક્તાશ્રીઓની ઘણી કથાપારાયણો થઈ તે બધા કરતા આ પોથીયાત્રામાં ભક્તજન સંખ્યા ઘણી વિશાળ હતી અને એ પણ છેક ૧૨૦૦ કિલોમીટર દૂર ગુજરાતથી માત્રને માત્ર મહોત્સવ માણવા માટે આવેલા ભાવિક ભક્તો જ હતા. વળી, પાછા સંયમી અને શિસ્ત...!!!

હરિદ્વારમાં પહેલી જ વખત આટલી મોટી પોથીયાત્રા વિના પોલીસ પ્રોટેકશને ૧૦૮ સંહિતા અને મુખ્ય











પોથીજીની સાથે સભામંડપમાં વાજતે-ગાજતે પહોંચી ગઈ. હજારોની સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાઓથી ધમધમતા સભામંડપમાં સંગીતના સુમધુર સૂરો સાથે પૂ. વક્તાશ્રી તેમજ વડીલ સંતો અને યજમાન ભંડેરી ઈમ્પેક્ષ પરિવારના સદસ્યોના વરદ્ હસ્તે મહોત્સવનું દીપ પ્રાગટ્ય બધાના હૃદયને આહ્લાદથી ભરી દીધું હતું.

કાંચના ઝૂમરોમાં થતી રોશની અને મેટલ તેમજ હેલોજન લાઈટથી ઝળહળતો સભામંડપ, મનમોહક નકશીકામથી શોભતો મંચ (સ્ટેજ), પ્રતિદિન નવી-નવી ચાઈનીઝ અને પંજાબી વાનગીઓ પૂર્ણ પવિત્રતાથી બનાવીને હરિભક્તોની થાળીમાં પીરસાતી હતી એવી ભોજનશાળા કે જેમાં નિત્ય બપોરે અને સાંજે ૧૮ થી ૨૦ હજાર જેટલા હરિભક્તો મહાપ્રસાદ ગ્રહણ કરતા. અને હા, સવારનો નાસ્તો તા અલગ જ.

હરિદ્વારમાં જાણે ગુજરાતી સોસાયટી બનાવી દીધી હોય એટલી વિશાળ સંખ્યામાં બનાવેલા તંબુઓ, નહાવા-ધોવાની સંપૂર્ણ વ્યવસ્થા. આ ઉપરાંત હરિદ્વારના કેટલાય પ્રખ્યાત આશ્રમો અને હોટલો પણ યજમાનશ્રી તથા અન્ય ભક્તોએ બુક કરી રાખી હતી. તે બધા આશ્રમો અને હોટલો પણ ભરાઈ ગયા. વિશ્વભરમાંથી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ હરિદ્વારના આ ભવ્ય મહોત્સવને માણવા માટે આવી ગયા હતા. ૨૭ ઓક્ટોબરથી જ ગુજરાતથી હરિદ્વાર સુધી પહોંચવા માટે દિલ્હી અને દેહરાદુનની બધી જ ફ્લાઈટો, ટ્રેનો, બસો વગેરે બધા જ વાહનો ભરચક આવતા હતા.

મહોત્સવને ચાર ચાંદ તો ત્યારે લાગ્યા જ્યારે સંપ્રદાયના ભાવિવડા, હજારો યુવાનોના આદર્શ પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** સમગ્ર ધર્મકુળ પરિવારને લઈને પધાર્યા. તેઓની શોભાયાત્રા એટલી વિશાળ હતી કે, આરપાર પસાર થવામાં પગે પાણી આવી જાય. ત્યાં પ્રશાસન તંત્રના કહેવા મુજબ હરિદ્વારના ઈતિહાસમાં હર કી પૈડીથી આટલી વિશાળ શોભાયાત્રા આ પહેલા ભાગ્યે જ ક્યારેક નીકળી હશે. અને વળી, શિસ્તતા એવી કે પોલીસતંત્રને જાણે સાવ નિવૃત્તિ મળી ગઈ...!!

## ➠ મહોત્સવની દિવ્યતા :

આ મહોત્સવની દિવ્યતા વાણીનો વિષય જ નથી! એની સ્મૃતિમાત્ર જ રોમ-રોમ પુલકિત કરી દે છે...!! આનંદની એક અનોખી લહેર અંતઃકરણમાં વ્યાપી જાય છે.

ગંગાજીના પવિત્ર કિનારા ઉપર શોભતા વિશાળ સભામંડપમાં રમણીય મંચ ઉપર મધ્યભાગમાં વ્યાસપીઠની ડાબીબાજુ



અક્ષરાધિપતિ ભગવાન શ્રીહરિ માટે દિવ્ય સિંહાસન, જમણીબાજુ સંપ્રદાયના ધણી પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું આસન. આ ત્રણેયની બંને બાજુ ઋષિકુમારોની જેમ શોભતા ૧૦૮ સંહિતાપાઠી બ્રહ્મકુમારો, સંતો-પાર્ષદોની બેઠક, સંગીતજ્ઞ સંતોની બેઠક. આ બધું દૃશ્ય મળીને કળિયુગના ભોગવાદ અને ભૌતિકવાદને ભૂલાવીને પ્રાચીન ભારતની સંસ્કૃતિની ઝાંખી કરાવતું હતું.

વક્તા મહોદયશ્રીના કંઠરવથી જીવંત થતા ભગવાન શ્રીહરિના દિવ્ય ચરિત્રો શ્રોતાઓના હૃદયપટમાં ક્યારેક અક્ષરધામ, ક્યારેક બદરીકાશ્રમ, ક્યારેક છપૈયા, ક્યારેક પુલહાશ્રમ, ક્યારેક લોજ, ક્યારેક જેતપુર, ક્યારેક ગઢડું, વડતાલ તો ક્યારેક કચ્છ-ગુજરાત અને કાઠીયાવાડના ગરીમાવંત ગામડા ખડા કરી દેતા હતા. અને બધા શ્રોતાઓ ભગવા શ્રીહરિની સાથે જ માનસિક વિચરણ કરતા હતા. શ્રી ઘનશ્યામ જન્મોત્સવમાં બધા છપૈયાની નારીઓ બની ગયા હતા તો વનવિચરણમાં પશુ-પંખી અને વનરાયીઓ... લોજમાં પનિહારી બની ગયા તો... જેતપુર ગાદિ-પટ્ટાભિષેકમાં સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીની સાથે મહાપ્રભુનો અભિષેક કરતા હતા. ગઢડામાં કાઠી દરબારો બનીને શ્રીજીમહારાજની સેવામાં હતા તો ભગવાન શ્રીહરિ વડતાલ પધારે ત્યારે મહારાજની સાથે ઘોડા ખેલવતા વડતાલ પહોંચી જતા...!!! મહોત્સવ દરમ્યાન એક-એક ક્ષણ બધા મહોત્સવાર્થીઓ ભગવાન શ્રીહરિની સાથે જ રમણ કરતા. સમગ્ર મહોત્સવમાં ભગવાન શ્રીહરિ પ્રગટ જ વિચરણ કરતા હતા. વિચારો તો કેવો આનંદ... કેવો આનંદ...!!!!


સવારના બ્રાહ્મમુહૂર્તમાં ભગવાન શ્રીહરિ અને સંતોની સાથે ગંગાસ્નાન, મંગળ પ્રભાતિયા, નિત્ય પૂજાપાઠ, ઠાકોરજી અને સંતોના દર્શન, વ્યાસપીઠને પ્રદક્ષિણા... મંગલ સૂર્યોદય... હિમાલયનો મંદ શિતળ પવન... હજુ તો પૃથ્વી તડકાની હુંફ ભરી પીળી ચાદર ઓઢે ન ઓઢે ત્યાં તો કથાનું દિવ્ય મંગળાચરણ ક્ષણભર પ્રકૃતિને થંભાવી દે એવા દિવ્ય સૂરોથી વાતાવરણને ભરી દે. આહા...! કેવી દિવ્યતા...!!!

નિત્ય-નિત્ય અનેક મહાપુરુષોના દર્શન, સમગ્ર ધર્મકુળ પરિવારના દિવ્ય દર્શન... પ.પૂ. બાળલાલજીશ્રીઓના લાડ, બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વચનો...

આગળ હજુ કેટલી બધી દિવ્યતા છે ખબર નથી પડતી. કેમ લખું... અંતરમાં ઊઠતી અનુભૂતિના વિચાર તરંગો શબ્દમાં રજૂ થઈ શકે તેમ નથી. કારણ કે, શબ્દ બ્રહ્મ જરૂર છે પણ તેમ છતાં શબ્દદેહની કંઈક સિમા છે. ટૂંકમાં એટલું કહી શકાય કે, પરમની અનુભૂતિની અદ્‌ભુતપળો એટલે હરિદ્વાર મહોત્સવ...!!!







શ્રી ઘનશ્યામ જન્મોત્સવની ઉજવણી



વિશાળ સભામંડપમાં રમણીય મંચ દર્શન





મંત બંને બાજુ ઋષિકુમારોની જેમ શોભતા ૧૦૮ સંહિતાપાઠી બ્રહ્મકુમારો








ગઢપુરને આંગણે **ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજ**ના સાન્નિધ્યમાં **પ.પૂ. અ.સૌ. ગાદિવાળા માતુશ્રી**ના દિવ્ય સંકલ્પથી વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ **'દ્વિશતાબ્દી અન્નકૂટ મહોત્સવ'** (તા. ૨૪ થી ૨૯-૧૦-૧૪)




વરજાંગ જાળિયાને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની દિવ્ય સાનિધ્યમાં **પૂ. પુરાણી સ્વામી શ્રી શ્રીહરિદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે ઉજવાયેલ **'ભગવાન શ્રી સ્વામિનારાયણ મંદવાડગ્રહણ લીલા દ્વિશતાબ્દી મહા મહોત્સવ'** (તા. ૧૦ થી ૧૬-૧૦-૧૪)

# હરિદ્વાર મહોત્સવનું આકાશમાંથી દૃશ્યમાન થતું દિવ્યતા અને ભવ્યતાથી સભર નયનરમ્ય દૃશ્ય




૧. સભામંડપ
૨. હરિભક્તોના ઉતારા
૩. ભોજનાલય
૪. સંતોના ઉતારા
૫. સાંખ્યયોગી બહેનોના ઉતારા
૬. પાર્કિંગ વિભાગ


Flying VISION
AERIAL VIDEO & PHOTOGRAPHY
VISHAL CHHAYANI : 7878291008, 9409017288




પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ. પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીના અધ્યક્ષપદે તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ સરધારધામને આંગણે યોજાયેલ ૧૯મી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' (તા. ૨૦ થી ૨૬-૧૦-૨૦૧૪)

## ભંડેરી ઈમ્પેક્ષ - સુરત આયોજીત હરિદ્વાર મહોત્સવ અંતર્ગત

# ‘ગંગા સફાઈ અભિયાન’



# હરિદ્વાર મહોત્સવની દેશભરના મીડીયાએ લીધેલી નોંધ



વડતાલ ગાદી સ્વામિનારાયણ સંપ્રદાય

હજારો હરિભકતો દ્વા

ગંગા સફાઇ અભિયા

रूप में दिया है अनमोल हीरा : डॉ० निशंक

स्वामी नारायण भगवान की शरण में आने से होता है कल्याण: प्रसाद

गंगा तट पर आकर दुर्लभ भी सहज

श्रीस्वामी नारायण की शरण में आने से होता कल्याण

री हरिद्वार पहुंचने पर हुआ भव्य स्वागत

भगवान की शरण में आने से होता है कल्याण

हरिद्वार पहुंचने पर अजेन्द्र प्रसाद का स्वागत

गुजरात की भूमि ने मोदी के रूप में दिया है अनमोल हीरा: डॉ. निशंक

गुजरात की भूमि ने मोदी के रूप में दिया है अनमोल हीरा : डॉ० निशंक

प्रधानमंत्री नरेन्द्र के 'स्वच्छ भारत' अभियान से जुड़े हजारों गुजराती

अजेन्द्र का तीर्थ नगरी

श्रीमद्भागवत कथा से मिलती है मन की शांति

ઉત્તરાખંડ હરિદ્વાર ખાતે સ્વામિનારાયણ મહોત્સવમાં

આચાર્ય અજેન્દ્રપ્રસાદ મહારાજની આજ્ઞાથી ગંગા સફાઇ અભિયાનમાં સંતો જોડાયા

अनुष्ठानों में भाग लेने से होती है पुण्य की प्राप्ति

पंतद्वीप में श्री स्वामी नारायण

सात हजार दंपतियों ने कन्या रक्षा का लिया संकल्प

घाटों की सफाई करेंगे गुजराती

गुजरात ने दिया मोदी रूपी अनमोल हीरा : निशंक

स्वच्छ भारत अभियान से जुड़े हजारों गुजराती

गंगा पूजन कर देश में की सुख शांति की कामना

भागवत से मिलती है मन की शांति

श्री स्वामि नारायण भगवान की शरण में आने से होता है कल्याण: स्वामी नृगेन्द्र प्रसाद

गढ़वाल केसरी

'स्वच्छ भारत' अभियान से जुड़े हजारों गुजराती

Gujaratis clean up Haridwar local

गुजरात की भूमि ने विश्व के नरेन्द्र मोदी

श्री स्वामी नारायण भगवान की शरण में आने से होता है कल्याण

धार्मिक अनुष्ठानों का आयोजन

संयम बरतना मानव के लिए जरूरी

स्वामीनारायण ने दिया संयम व शीलता का

पंतद्वीप मे लघु गुज

सात हजार दंपतियों को दिलाया कन्या रक्षा का संकल्प

स्वामीनारायण श्रीकृष्ण के स्वरूप

अजेन्द्र प्रसाद महाराज का तीर्थ नगरी




વિદ્યમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે સરધાર મંદિર દ્વારા યોજાયેલ હરિદ્વાર મહોત્સવ સહિત ઉત્તર ભારતની બારમી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા' (તા. ૭ થી ૧૩-૧૧-૨૦૧૪) તસ્વીર દર્શન















**વિદ્યમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે સરધાર મંદિર દ્વારા યોજાયેલ હરિદ્વાર મહોત્સવ સહિત ઉત્તર ભારતની બારમી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા' (તા. ૭ થી ૧૩-૧૧-૨૦૧૪) તસ્વીર દર્શન**

## નૂતન હરિમંદિરો ખાતમુહૂર્તવિધિ તથા શાકોત્સવ

| ક્રમ | કથાતારીખ | તિથિ | સમય | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૨૩-૧-૨૦૧૫<br>૨૪-૧-૨૦૧૫ | મહા સુદ - ૪<br>મહા સુદ - ૫ | રાત્રે ૮ થી ૧૦ સત્સંગ સભા<br>સવારે ૯ થી ૧૨ ખાતમુહૂર્ત | મુ. **મેઘપુર**, તા. વંથલી, જી. જૂનાગઢ.<br>સંપર્ક : મો. ૯૯૬૭૭૨૦૪૭૧ |
| ૨. | ૨૫-૧-૨૦૧૫<br>૨૬-૧-૨૦૧૫ | મહા સુદ - ૬<br>મહા સુદ -૭ | સાંજે ૬ થી ૮ સત્સંગ સભા<br>સવારે ૮.૦૦ ખાતમુહૂર્ત | મુ. **ઉમરાળી**, તા.જસદણ, જી. રાજકોટ<br>સંપર્ક : મો. ૯૦૯૯૯૯૯૬૩૩ |
| ૩. | ૨૬-૧-૨૦૧૫ | મહા સુદ - ૭ | સવારે ૯ થી ૧૨ ખાતમુહૂર્ત<br>તથા સત્સંગ સભા | મુ. **સર**, તા. જી. રાજકોટ<br>સંપર્ક : મો. ૯૦૯૯૯૯૯૬૩૩ |
| ૪. | ૨૯-૧-૨૦૧૫<br>૩૦-૧-૨૦૧૫ | મહા સુદ - ૧૦<br>મહા સુદ -૧૧ | રાત્રે ૬ થી ૮ સત્સંગ સભા<br>સવારે ૯ થી ૧૨ ખાતમુહૂર્ત | મુ. **કોટડા સાંગાણી**, તા. જી. રાજકોટ<br>સંપર્ક : મો. ૯૦૯૯૯૯૯૬૩૩, ૯૮૨૫૪૧૬૯૯૮ |
| ૫. | ૩-૨-૨૦૧૫<br>૪-૨-૨૦૧૫ | મહા સુદ - ૧૫<br>મહા વદ - ૧ | રાત્રે ૬ થી ૮ સત્સંગ સભા<br>સવારે ૯ થી ૧૨ ખાતમુહૂર્ત | મુ. **મેઘલપુર**, તા. સોજીત્રા, જી. આણંદ<br>સંપર્ક : મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૭૧૪૨૭૫૮૭૭ |

## શાકોત્સવ તથા સત્સંગ સભા

| ક્રમ | ગામ | તિથિ | તારીખ | સમય |
|---|---|---|---|---|
| ૧. | સાઈન-સુરત | માગશર વદ - ૩ | ૯-૧૨-૨૦૧૪ | સાંજે ૫ થી ૮ |
| ૨. | પાદરીયા | માગશર વદ - ૪ | ૧૦-૧૨-૨૦૧૪ | સવારે ૯ થી ૧૨ |
| ૩. | સામલોદ | માગશર વદ - ૪ | ૧૦-૧૨-૨૦૧૪ | સાંજે ૬ થી ૮ |
| ૪. | અભલોડ | માગશર વદ - ૫ | ૧૧-૧૨-૨૦૧૪ | સવારે ૯ થી ૧૨ |
| ૫. | ખરોડ | માગશર વદ - ૫ | ૧૧-૧૨-૨૦૧૪ | સાંજે ૬ થી ૮ |
| ૬. | સીમળીયા | માગશર વદ - ૬ | ૧૨-૧૨-૨૦૧૪ | સવારે ૯ થી ૧૨ |
| ૭. | દેગામ | માગશર વદ - ૬ | ૧૨-૧૨-૨૦૧૪ | સાંજે ૬ થી ૮ |
| ૮. | રાસ | માગશર વદ - ૬ | ૧૩-૧૨-૨૦૧૪ | સવારે ૯ થી ૧૨ |
| ૯. | કોલડા | માગશર વદ - ૧૦ | ૧૭-૧૨-૨૦૧૪ | સવારે ૯ થી ૧૨ |
| ૧૦. | વિરડી | માગશર વદ - ૧૦ | ૧૭-૧૨-૨૦૧૪ | સાંજે ૬ થી ૮ |
| ૧૧. | સુરત | માગશર વદ - ૧૩ | ૨૦-૧૨-૨૦૧૪ | સાંજે ૬ થી ૮ |
| ૧૨. | ચાંપરડા | પોષ વદ - ૧ | ૬-૧-૨૦૧૫ | સવારે ૯ થી ૧૨ |
| ૧૩. | ધારીગુંદાળી | પોષ વદ - ૧ | ૬-૧-૨૦૧૫ | સાંજે ૬ થી ૮ |
| ૧૪. | ગુંદરણી | પોષ વદ - ૨ | ૭-૧-૨૦૧૫ | સાંજે ૬ થી ૮ |
| ૧૫. | ગુંજાર | મહા સુદ - ૮ | ૨૭-૧-૨૦૧૫ | સવારે ૯ થી ૧૨ |
| ૧૬. | સુકી સાજડીયાળી | મહા સુદ - ૧૦ | ૨૯-૧-૨૦૧૫ | સવારે ૯ થી ૧૨ |

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા તથા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ


# નૂતન હરિમંદિરોની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવોની તિથિ-તારીખ

| ક્રમ | કથાતારીખ | કથા તિથિ | પ્રતિષ્ઠા તિથિ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૭-૨-૨૦૧૫ થી ૯-૨-૨૦૧૫ | મહા વદ - ૨ થી મહા વદ - ૫ | મહા વદ - ૫ તા. ૯-૨-૨૦૧૫ | મુ. **રાસ**, તા. બોરસદ, જી. આણંદ સંપર્ક :- મો. મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૮૨૫૮૨૪૩૭૭ |
| ૨. | ૧૯-૨-૨૦૧૫ થી ૨૩-૨-૨૦૧૫ | ફાગણ સુદ - ૧ થી ફાગણ સુદ - ૫ | ફાગણ સુદ - ૩ તા. ૨૧-૨-૨૦૧૫ | મુ. **પાદરીયા**, તા. , જી. ભરુચ સંપર્ક :- મો. મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૮૫૪૦૮૦ |
| ૩. | ૧૯-૨-૨૦૧૫ થી ૨૩-૨-૨૦૧૫ | ફાગણ સુદ - ૧ થી ફાગણ સુદ - ૫ | ફાગણ સુદ - ૩ તા. ૨૧-૨-૨૦૧૫ | મુ. **સામલોદ**, તા. ઝઘડીયા, જી. ભરુચ સંપર્ક :- મો. મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૮૫૪૦૮૦ |
| ૪. | ૨૩-૨-૨૦૧૫ થી ૨૫-૨-૨૦૧૫ | ફાગણ સુદ - ૫ થી ફાગણ સુદ - ૯ | ફાગણ સુદ - ૫ તા. ૨૩-૨-૨૦૧૫ | મુ. **અભલોડ**, તા. જી. દાહોદ સંપર્ક :- મો. મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૮૫૪૦૮૦ |
| ૫. | ૨૩-૨-૨૦૧૫ થી ૨૫-૨-૨૦૧૫ | ફાગણ સુદ - ૫ થી ફાગણ સુદ - ૯ | ફાગણ સુદ - ૫ તા. ૨૩-૨-૨૦૧૫ | મુ. **ખરોડ**, તા. લીમખેડા, જી. દાહોદ સંપર્ક :- મો.મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૮૫૪૦૮૦ |
| ૬. | ૮-૩-૨૦૧૫ થી ૧૨-૩-૨૦૧૫ | ફાગણ વદ - ૩ થી ફાગણ વદ - ૬ | ફાગણ વદ - ૬ તા. ૧૨-૩-૨૦૧૫ | મુ. **દેગામ**, તા. ડભાણ, જી. ખેડા સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૮૫૪૦૮૦ |
| ૭. | ૯-૩-૨૦૧૫ થી ૧૩-૩-૨૦૧૫ | ફાગણ વદ - ૩ થી ફાગણ વદ - ૭ | ફાગણ વદ - ૭ તા. ૧૩-૩-૨૦૧૫ | મુ. **સીમળીયા**, તા. સંખેડા, જી. વડોદરા સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૮૫૪૦૮૦ |
| ૮. | ૧૪-૩-૨૦૧૫ થી ૨૦-૩-૨૦૧૫ | ફાગણ વદ - ૮ થી ફાગણ વદ - ૩૦ | ફાગણ વદ - ૮ તા. ૧૪-૩-૨૦૧૫ | મુ. **શ્રી સ્વા. મંદિર, રાજાજી રોડ, ડોંબીવલી (ઈ)** સંપર્ક :- મો. ૯૩૨૨૭૫૩૦૫૨ |
| ૯. | ૨૦-૪-૨૦૧૫ થી ૨૪-૪-૨૦૧૫ | વૈશાખ સુદ - ૨ થી વૈશાખ સુદ - ૬ | વૈશાખ સુદ - ૬ તા. ૨૪-૪-૨૦૧૫ | મુ. **બારડોલી**, જી. સુરત સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૮૫૪૦૮૦ |
| ૧૦. | ૨૦-૪-૨૦૧૫ થી ૨૪-૪-૨૦૧૫ | વૈશાખ સુદ - ૨ થી વૈશાખ સુદ - ૬ | વૈશાખ સુદ - ૬ તા. ૨૪-૪-૨૦૧૫ | મુ. **સાઈન, સુરત** સંપર્ક :- મો. ૯૮૨૫૭૬૯૯૯૨, ૯૮૨૫૬૧૦૫૧૮ |
| ૧૧. | ૨૫-૪-૨૦૧૫ થી ૨૯-૪-૨૦૧૫ | વૈશાખ સુદ - ૭ થી વૈશાખ સુદ - ૧૧ | વૈશાખ સુદ - ૭ તા. ૨૫-૪-૨૦૧૫ | મુ. **ગુંદરણી**, તા.મહુવા, જી. ભાવનગર**સુરત** સંપર્ક :- મો. ૯૯૭૯૪૮૫૩૮૩ |
| ૧૨. | ૬-૫-૨૦૧૫ થી ૮-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૨ થી વૈશાખ વદ - ૪ | વૈશાખ વદ - ૪ તા. ૮-૫-૨૦૧૫ | મુ. **ધારી ગુંદાળી**, તા. ભેંસાણ, જી. જૂનાગઢ સંપર્ક :- **ધીરુભાઈ** - મો. ૯૪૨૮૮૩૬૩૯૦ |
| ૧૩. | ૬-૫-૨૦૧૫ થી ૮-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૨ થી વૈશાખ વદ - ૪ | વૈશાખ વદ - ૪ તા. ૮-૫-૨૦૧૫ | મુ. **ચાંપરડા**, તા. વિસાવદર, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૪૨૮૭૭૬૩૪૯, ૯૭૧૪૩૯૩૦૨૫ |
| ૧૪. | ૯-૫-૨૦૧૫ થી ૧૧-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૫ થી વૈશાખ વદ - ૮ | વૈશાખ વદ - ૮ તા. ૧૧-૫-૨૦૧૫ | મુ. **ગુંજાર**, તા.ધંધુકા, જી. અમદાવાદ સંપર્ક :- મો. ૯૬૬૨૪૨૩૨૮૭, ૯૬૬૨૧૪૯૯૪૮ |
| ૧૫. | ૯-૫-૨૦૧૫ થી ૧૧-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૫ થી વૈશાખ વદ - ૮ | વૈશાખ વદ - ૮ તા. ૧૧-૫-૨૦૧૫ | મુ. **ધંધુકા**,જી. અમદાવાદ સંપર્ક :- મો. ૯૪૨૮૪૯૯૩૦૮ |
| ૧૬. | ૧૧-૫-૨૦૧૫ થી ૧૫-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૮ થી વૈશાખ વદ - ૧૨ | વૈશાખ વદ - ૧૨ તા. ૧૫-૫-૨૦૧૫ | મુ. **કોલડા**, તા.કુંકાવાવ, જી. અમરેલી સંપર્ક :- મો. ૯૯૭૯૪૮૫૫૩૦ |
| ૧૭. | ૧૨-૫-૨૦૧૫ થી ૧૬-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૮ થી વૈશાખ વદ - ૧૩ | વૈશાખ વદ - ૧૨ તા. ૧૫-૫-૨૦૧૫ | મુ. **વિરડી**, તા. ગારીયાધાર, જી. ભાવનગર સંપર્ક :- મો. ૯૪૨૬૮૩૨૮૪૩, ૯૩૭૬૭૯૯૨૯૪ |
| ૧૮. | ૧૫-૫-૨૦૧૫ થી ૧૭-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૧૨ થી વૈશાખ વદ - ૧૪ | વૈશાખ વદ - ૧૨ તા. ૧૫-૫-૨૦૧૫ | મુ. **સુકી સાજડીયાળી**, તા.જી. રાજકોટ સંપર્ક :- પા. રસિક ભગત - મો. ૯૦૯૯૯૯૯૬૩૩ |

**શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીની આગામી**

## કથાપારાયણો તથા મહોત્સવોની તિથિ-તારીખ

| ક્રમ | કથાતારીખ | તિથિ | સમય | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૨૨-૧૨-૨૦૧૪ થી ૨૮-૧૨-૨૦૧૪ | પોષ સુદ - ૧ થી પોષ સુદ - ૭ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | **મુ. દહિસર સ્પોર્ટ ફાઉન્ડેશન ગ્રાઉન્ડ, દહિસર (ઈ)** સંપર્ક :- મો. ૯૩૨૨૭૫૩૦૫૨, ૯૮૩૩૫૧૫૧૭૨ |
| ૨. | ૩૦-૧૨-૨૦૧૪ થી ૫-૧-૨૦૧૫ | પોષ સુદ - ૯ થી પોષ સુદ - ૧૫ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | **મુ. ગજેરાપરા, પટેલ વાડીની પાસે, અમરેલી** સંપર્ક :- મો. ૯૪૨૭૨૩૦૬૨૦, ૯૮૨૫૦૯૧૭૨૧ |
| ૩. | ૨૮-૩-૨૦૧૫ થી ૩-૪-૨૦૧૫ | ચૈત્ર સુદ - ૯ થી ચૈત્ર સુદ - ૧૪ | શતાબ્દી મહોત્સવ | **મુ. કાયાવરોહણ,** તા. ડભોઈ, જી. વડોદરા સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૬૯૭૮૨૩૬ |
| ૪. | ૫-૪-૨૦૧૫ થી ૧૧-૪-૨૦૧૫ | ચૈત્ર વદ - ૧ થી ચૈત્ર વદ - ૭ | શ્રી ભાગવત કથા મહોત્સવ | **મુ. ગોંડલ-રાજકોટ હાઈવે, રીબડા, જી. રાજકોટ** સંપર્ક :- મો. ૯૮૨૪૦૩૬૭૨૧, ૯૭૧૪૦૨૦૯૭૨ |
| ૫. | ૧૦-૪-૨૦૧૫ થી ૧૮-૪-૨૦૧૫ | ચૈત્ર વદ - ૬ થી ચૈત્ર વદ - ૩૦ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | **મુ. યોગીચોક, પુણાગામ, સુરત** સંપર્ક :- મો. ૮૧૨૮૬૯૧૫૧૩, ૯૮૨૪૪૯૧૮૫૨ |
| ૬. | ૨-૫-૨૦૧૫ થી ૫-૫-૨૦૧૫ | વૈશાખ સુદ - ૧૩ થી વૈશાખ વદ - ૧ | શ્રી સ્વામિનારાયણ બાળયુવા મહોત્સવ | **મુ. શ્રી સ્વામિનારાયણ બાગ, સરધાર** સંપર્ક :- મો. ૭૬૦૦૦૫૮૫૦૩/૦૫ |
| ૭. | ૫-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૧ | રત્નાકર મહોત્સવ | **મુ. શ્રી સ્વામિનારાયણ બાગ, સરધાર** |




## હરિભક્તોને નમ્ર અપીલ

વ્હાલા ભક્તજનો ! આપશ્રીના ગામ કે શહેરમાં ઉત્સવો-સમૈયા, સત્સંગ સભા કે પ્રતિષ્ઠા દરમ્યાન વિદ્યમાન ૫.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના પ્રવચનો કે શોભાયાત્રા વગેરેની વિડીયો અથવા વી.સી.આર કેસેટ જે કોઈ હરિભક્તો અથવા મંદિર કે સંસ્થાઓમાં હોય તેમને એક કોપી નીચેના સરનામે મોકલવા નમ્ર વિનંતી સહ જય શ્રી સ્વામિનારાયણ.

**સરનામું :** પીયુષ બોઘાણી, ૯૧ - મણીનગર સોસા. સરથાણા જકાતનાકા નજીક, વરાછા રોડ, સુરત. મો. ૯૦૯૯૦૯૬૯૫૮.





































દેવભૂમિ હરિદ્વારને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની ૩૨૫મી 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' પ્રસંગે ભંડેરી ઈમ્પેક્ષ - સુરતના યજમાનપદે 'હરિદ્વાર મહોત્સવ' (તા. ૨૯ થી ૬-૧૧-૧૪)

મહોત્સવમાં પધારેલા મહાનુભાવો : ૧. મા. શ્રી રમેશ પોખરીયાલ (પૂર્વ મુખ્યમંત્રશ્રી - ઉત્તરાખંડ) ૨. મા. શ્રી વિરેન્દ્ર રાવત (યુવાનેતા તથા ઉત્તરાખંડના મા. મુખ્યમંત્રી હરિશ રાવતના સુપુત્ર) ૩. મા. શ્રી નાનુભાઈ વાનાણી (રાજ્યમંત્રીશ્રી, ગુજરાત) ૪. મા. શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા (ધારાસભ્યશ્રી, સુરત) ૫. મા. શ્રી જનકભાઈ બગદાણા (ધારાસભ્યશ્રી, સુરત) ૬. મા. શ્રી મનોજ ગર્ગર (મેયરશ્રી - હરિદ્વાર) ૭. મા. શ્રી પ્રદિપ ચૌધરી (પૂર્વ નગર ચેરમેનશ્રી - હરિદ્વાર) ૮. મા. શ્રી મુકેશ અગ્રવાલ (વૃંદાવન ટેન્ટ હાઉસ) ૯. પૂ. શ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યા (ભાગવતાચાર્ય) ૧૦. પૂ. શ્રી બાલકૃષ્ણજી આચાર્ય (પતંજલી યોગપીઠ) ૧૧. પૂ. સ્વામી શ્રી ઋષિશ્વરાનંદજી (જ્યોતિ આશ્રમ) ૧૨. પૂ. સ્વામીને સ્વહસ્તલિખિત પુસ્તકો અર્પણ કરતા મા. શ્રી રમેશ પોખરીયાલ.

ભંડેરી ઈમ્પેક્ષ - સુરત આયોજીત

# હરિદ્વાર મહોત્સવ



૧

## યજમાનોનું સન્માન



૨



૩



૪



૫



૬



૭



૮




૯



૧૦

દેવભૂમિ હરિદ્વારને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની ૩૨૫મી 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' પ્રસંગે ભંડેરી ઈમ્પેક્ષ - સુરતના યજમાનપદે 'હરિદ્વાર મહોત્સવ' (તા. ૨૯ થી ૬-૧૧-૧૪)

૧. મહોત્સવ સ્મૃતિચિહ્ન સાથે યજમાન ભંડેરી ઈમ્પેક્ષ પરિવાર. ૨. પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે મહોત્સવ સ્મૃતિચિહ્ન સ્વીકારતા ભંડેરી પરિવાર - વેળાવદર. ૩. કોઠીયા પરિવાર - બગોયા. ૪. મોરડીયા પરિવાર - બુધેલ. ૫. લખાણી પરિવાર - શીયાનગર. ૬. ભંડેરી પરિવારનું સન્માન કરતા કુટુંબ-સ્નેહજન પરિવાર. ૭. સાફો બાંધીને યજમાનોને સન્માનતા ગઢપુર પ્રદેશવતી પૂ. એસ.પી. સ્વામી. ૮. પૂ. સ્વામીને ભગવાન શ્રીહરિની પ્રાસાદિક વસ્તુઓ અર્પણ કરતા શ્રી હરગોવિંદભાઈ (શ્રીજી સનેડાવાળા - અમદાવાદ) સાથે યજમાન પરિવાર. ૯. સંતો-પાર્ષદોની પંક્તિમાં પીરસતા પ.પૂ. લાલજી મહારાજશ્રીઓ. ૧૦. હરિભક્તોના ભોજનાલયનું નિરક્ષણ કરતા પૂ. સ્વામી તથા યજમાન પરિવાર.




દેવભૂમિ હરિદ્વારને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની ૩૨૫મી 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' પ્રસંગે ભંડેરી ઈમ્પેક્ષ - સુરતના યજમાનપદે 'હરિદ્વાર મહોત્સવ' (તા. ૨૯ થી ૬-૧૧-૧૪)

૧-૫. હરિદ્વાર મહોત્સવ અંતર્ગત 'હર કી પૈડી'થી મહોત્સવ સ્થળ સુધી નીકળેલ ૫૦૦ સાફાધારી હરિભક્તો તેમજ ૩૦થી વધુ ઘોડેસ્વારો તેમજ હજારોની સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોની સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રીની સ્વાગત શોભાયાત્રા. ૬. મહોત્સવમાં દર્શન આપતા બંને પ.પૂ. બાળલાલજી મહારાજશ્રી. ૭. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળા દ્વારા સ્વાગત કરતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી. ૮. મુખ્ય યજમાન પ.ભ. શ્રી મગનભાઈ ભંડેરી. ૯. શ્રી ઘનશ્યામભાઈ ભંડેરી. ૧૦. શ્રી પ્રકાશભાઈ ભંડેરી. ૧૧. શ્રી નિલેશભાઈ કોઠીયા. ૧૨. શ્રી શંભુભાઈ મોરડીયા. ૧૩. શ્રી પ્રવિણભાઈ લખાણી.

Swaminarayan Chintan, November - 2014 Reg. No. RJT - 624/13-15, Valid up to 31/12/15, RNI No. GUJGUJ-2013/47868_Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 31/12/2015









# ભંડેરી ઈમ્પેક્ષ - સુરત આયોજીત હરિદ્વાર મહોત્સવ અંતર્ગત 'ગંગા સફાઈ અભિયાન'

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમા દર્શાવેલ સ્વચ્છતાદર્શનના શ્લોકને અનુસરીને હરિદ્વાર ખાતે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી ભંડેરી ઈમ્પેક્ષના યજમાનપદે યોજાયેલ **'હરિદ્વાર મહોત્સવ'**માં પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા મા. શ્રી રમેશ પોખરીયાલ (પૂર્વ મુખ્યમંત્રશ્રી - ઉત્તરાખંડ), મા. શ્રી નાનુભાઈ વાનાણી (રાજ્યમંત્રીશ્રી, ગુજરાત), મા. શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા (ધારાસભ્યશ્રી, સુરત), મા. શ્રી જનકભાઈ બગદાણા (ધારાસભ્યશ્રી, સુરત) ૬. મા. શ્રી મનોજ ગર્ગર (મેયરશ્રી - હરિદ્વાર) વગેરેની ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રી મા. શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છતા અભિયાનમાં જોડાઈને હજારો હરિભક્તો આ મહોત્સવમાંથી પ્રેરણા લઈને ગંગા સફાઈનો લાભ લીધો હતો.

Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007